## પ્રવચન નં. ૯૬ શ્લોક - ૨૭-૨૮ તા. ૩૦-૯-૭૮ ભાદરવા વદ ૧૩ શનિવાર

સમયસાર સત્યાવીસમો કળશ છે ને ? ફરીને "કાયાત્મનોઃ વ્યવહારતઃ એકત્વં" કાયા શબ્દે શરીર, કર્મ, રાગદ્વેષ આદિ પરિણામ એ સબ કાયા શરીરમેં જાતે હૈ. સમજમેં આયા ? પીછે શબ્દ હૈ. "આત્મ અંગયો". છેલ્લા શબ્દ હૈ ને "આત્મ અંગયો" અંગ શબ્દે કર્મની ઉપાધિ લિયા હૈ ઉસમેં કળશટીકામેં, એક બાજુ ભગવાન આત્મા અને એક બાજુ શરીર, કર્મ–કર્મની ઉપાધિ નામ પુણ્ય અને પાપના ભાવ, કર્મ અંગ કાયા શરીરમેં ચલે જાતે હૈ, અહીં અંદરમેં હૈ. "કાયાત્મનોઃ વ્યવહારતઃ એકત્વં" એ શરીર ને આત્માકો વ્યવહારનયસે એકત્વ કથનમાત્રસે લોક રૂઢીસે, લોકમેં કહતે હૈ એ અપેક્ષાએ કહનેમેં આતા હૈ. "નિશ્ચયાત ન" નિશ્ચયનયસે નહીં હૈ ભગવાન આનંદ સ્વરૂપ જ્ઞાયક જિસકા શરીર હૈ. જ્ઞાયક જ જિસકા શરીર હૈ. આહાહા ! એ ઔર પુણ્ય અને પાપના ભાવ એ સબ બધા કાયા શરીરમેં જાતે હૈ. એક બાજુ આત્મરામ અને એક બાજુ રાગ આદિ ગ્રામ. આહાહા ! શરીર ( અને ) આત્માકો વ્યવહારનયસે એકત્વ હૈ, મગર નિશ્ચયનયસે નહીં, "વપુષઃ સ્તુત્યા–નુઃ સ્તોત્રમ વ્યવહારતઃ" અસ્તિ ઈસલિયે શરીરકે સ્તવનસે આત્મા પુરુષકા સ્તવન, આત્મા પુરુષ ભગવાન ઉસકા સ્તવન વ્યવહારનયસે હુઆ કહેતે હૈ વ્યવહારસે "તત્ત્વતઃ તત ન" તત્ત્વસે તે નહીં. આહાહાહા ! નિશ્ચયનયસે નહીં, નિશ્ચયસે એ તો 'ચિતસ્તુત્યા એવ' ચૈતન્યકે સ્તવનસે ચૈતન્યકા સ્તવનકા અર્થ ચૈતન્યકા ત્રણ બોલ લિયા, લેતે હૈ, ચૈતન્યકે સ્તવનસે હી દ્રવ્યેન્દ્રિય ચિતઃ સ્તોત્રમ ભવતિ ચૈતન્યકા સ્તવન હોતા હૈ એ ચૈતન્યકા સ્તવન અહીંયા જિતેન્દ્રિય આયા દેખો. આહાહા ! ચૈતન્ય ભગવાન ઉસકા સ્તવન જિતેન્દ્રિય, રાગ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને શરીરાદિમાં દેવગુરુ શાસ્ત્રાદિ બધા, આહાહા... એકકોર ભગવાન આત્મા અને એકકોર રાગસે ( લે કર ) સારી ચીજ બધી, આહાહા... ઉસકો ભિન્ન કરના. જ્ઞાન લક્ષણસે આત્માકો અનુભવ કરના એ જિતેન્દ્રિય ચૈતન્યકી પ્રથમ સ્તુતિ

કહનેમેં આતા હૈ. આહા ! આવી વાત છે.

દૂસરી જિતમોહ, હૈ ? આ ગયા હૈ આપણે, ઐસા જિતેન્દ્રિય હુએ છતેં, સમ્યગ્દૃષ્ટિ હુઆ મુનિપણા હુઆ આનંદકી ધારા પ્રગટ હુઈ, છતેં હજી કર્મકા જે ઉદય હૈ, વો તરફકા વલણ ભાવ્ય વિકાર દશા હોતી હૈ જ્ઞાનીકો ભી, આહાહાહા... રાગ દ્વેષ આદિ, જ્ઞાનીકો સમકિતીકો અનુભવીકો એ રાગઆદિ ભાવ, કર્મકે અનુસરણ, પૂર્ણ અનુસરણ નહીં કિયા, તેમ ભગવાનકા પૂર્ણ અનુસરણ નહીં કિયા. ક્યા કહા ? જો કર્મકા પૂર્ણ અનુસરણ હો તો તો એકત્વબુદ્ધિ પરમેં ચલી જાય ને આત્મામેં પૂર્ણ અનુસરણ હો તો પૂર્ણ વીતરાગ હો જાએ. આહાહા !

તો જબલગ આત્માએ અપના સ્વરૂપ રાગદ્વેષ, પુણ્ય, પાપ અને શરીર વાણીસે દેવગુરુસે ભિન્ન જ્ઞાનસ્વરૂપી પ્રભુ રાગસે ભિન્નકા અનુભવ હો તો એ ચૈતન્યકી સ્વીકાર અને સ્તુતિ કિયા, સત્કાર કિયા, એ પહેલા નંબરકી, પહેલા પ્રકારકી સ્તુતિ હૈ. આહાહા ! પીછે ભી સમકિતી અનુભવીકો ભી કર્મકા ઉદયકા અનુસરણ સર્વથા ગયા નહીં, સર્વથા ગયે હો તો સર્વથા આત્માકા આશ્રય લે લિયા હો. સર્વથા ગયે નહીં તે માટે કર્મકા નિમિત્તકા લક્ષમેં રાગદ્વેષ દુઃખઆદિકી દશા જ્ઞાનીકો ભી સમકિતીકો ભી અનુભવીયોંકો ભી મુનિકો ભી હોતી હૈ. ઉસકો અપના સ્વભાવકા ઉગ્ર અનુસરણ કરકે એ રાગાદિ ક્રોધાદિકો દાબ દેના એ દૂસરા પ્રકારકી સ્તુતિ હૈ.

એ ચૈતન્ય સ્તુતિ આયા ને દેખો. હૈ ? “ચિતસ્તુત્યા એવં” એની વ્યાખ્યા હૈ. આહાહા ! એ જિતમોહ, પીછે ક્ષીણમોહ હજી રાગાદિકો ઉપશમ કર દિયા. અનુભવી જીવ સ્વભાવકા આશ્રય લેકર પણ હજી ઉસકા ક્ષય નહીં કિયા, તો સત્તામેં જો હૈ રાગાદિ ઉસકો સ્વભાવકા ઉગ્ર આશ્રય લેકર, રાગકી ધારાકા નાશ કરના, અને સ્વભાવકા ઉગ્ર આશ્રય લેના એ ત્રીજા પ્રકારકી ઊંચી સ્તુતિ હૈ. સમજમેં આયા ? આવી વાતું આકરી. એ કહા ને ? “સા એવ ભવેત” સા નામ તે સ્તુતિ ચૈતન્યકા સ્તવન યહાં એવં ભવેત જિતેન્દ્રિય, જિતમોહ, ક્ષીણમોહ ઇત્યાદિ રૂપસે કહા ઐસા હૈ, ઇત્યાદિ નામ પીછે ભી અનેક પ્રકારકા વિકલ્પ આદિ હૈ યહાં ધર્મીકો અસંખ્ય પ્રકારકા, વો અપના સ્વભાવકા અનુસરણ કરકે ઉસકો નાશ કરના, એ આત્માકા સ્વભાવકી પ્રશંસા કહો, સ્તુતિ કહો, અંતરમેં ઉગ્ર એકાગ્રતા કહો, આવી વાત છે. ઇત્યાદિ કહ્યું ને પાછું ?

ટીકામાં આવ્યુ ’તું ને સોળસૂત્ર પાંચ ઇન્દ્રિય મન ને વચન, કાયા વગેરેનું અને એ સિવાય પણ અનેરા અસંખ્ય પ્રકારકા વિભાવ જયસેન આચાર્યમાં હૈ, અમૃતચંદ્રાચાર્યમાં ઉપદેશસે અન્ય ભી વિચાર લેના એટલા. આહાહા !

થોડામાં કિતના સમા દિયા હૈ. આહાહા ! ભગવાન પૂર્ણાનંદકા નાથ, ઉસકા દૃષ્ટિમેં સ્વીકાર કરના, અનુભવ કરના એ આત્માકી સ્તુતિ કહનેમેં આતા હૈ. આહાહા ! એ સ્તુતિકા તીન પ્રકાર લિયા ને ? જિતેન્દ્રિય, જિતમોહ અને ક્ષીણમોહ ઇત્યાદિ રૂપસે કહા ઐસા હૈ. “અતઃ તીર્થંકર સ્વ ઉત્તર બલાત ” અજ્ઞાનીએ તીર્થંકરકા સ્તવનકા જો પ્રશ્ન કિયા થા કે તીર્થંકરકા સ્તવન કરતે હો તો શરીરકા સ્તવન કરતે હો ઉસકા અતિશયકા કરતે હૈ વો તો આત્મા હૈ ઐસા હમ માનતે હૈ. હમ ભી, તીર્થંકરકા શરીર વાણી ઐસા હૈ, તુમ્હારી વાણી ઐસી હૈ, તુમ ઐસા હૈ. અજ્ઞાનીએ તીર્થંકરકા સ્તવનકા જો પ્રશ્ન કિયા થા ઉસકા ઉત્તર નય વિભાગસે ઈસપ્રકાર દિયા, નય વિભાગ જો કહા થા વો વ્યવહારનયસે કહા થા. પરમાર્થનયસે નહીં. ઐસા નયકી

વહેંચણીસે વિભાગસે કહા થા યહાં, આહા... અરે આહા ! આવું ! ઉત્તર દિયા, હૈ ? જિસકે બળસે યહ સિદ્ધ હુઆ કે "આત્મા અંગયો એકત્વં ન" પહેલે ઐસા લિયા થા, "કાયાત્મનોઃ વ્યવહારતઃ એકત્વં" એ તો કથનમાત્રસે કહા થા. સમજમેં આયા ? અહીંયા "આત્મા અંગયો એકત્વં નઃ" ભગવાન આત્મા આનંદ જ્ઞાયક સ્વરૂપ ઔર અંગયો નામ કર્મ શરીર અને કર્મકી ઉપાધિસે ઉત્પન્ન હુઆ વિકાર અપનેમેં, વો ભિન્નઃ નિશ્ચયસે દો( કા ) એકત્વ નહીં. સમજમેં આયા ? આત્મા આત્મા હૈ ને ? "આત્મા અંગયો": અંગયોઃ એટલે શરીર, આદિ એટલે કર્મની ઉપાધિ, કર્મ શરીર ઔર ઉસકા નિમિત્તકા અવલંબન આશ્રયસે જો વિકાર હોતા હૈ વે સબ અંગમાં જાતે હૈ. શરીર, શરીર આહાહાહા ! હૈ. આત્માસે ભિન્ન અંગમેં જાતે હૈ, શરીર, શરીર. આહાહાહા ! વિકારી ભાવ હૈ યે ભી કાર્મણ શરીર હૈ ખરેખર, ભિન્ન પાડના હૈ ને ? કર્મ ઔર નિમિત્તકે અનુસરકે હુઆ હુયા વિકાર એ સબકો શરીર અને કર્મની ઉપાધિ કહનેમેં આયા હૈ. ભગવાન ઉસસે ભિન્ન હૈ. આહાહા ! ઐસા એકત્વ નહીં હૈ. આહાહા !

---

અબ ફિર ઈસ અર્થકો જાનનેસે ભેદજ્ઞાનકી સિધ્ધિ હોતી હૈ. આ જાનનેસેં આત્માકા અનુભવ હોતા હૈ, આહાહાહા... એ અર્થકા સૂચક કાવ્ય કહતે હૈ.

## શ્લોક - ૨૮

( मालिनी )

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम् ।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ।।२८।।

इत्यप्रतिबुद्धोक्तिनिरासः।

एवमयमनादिमोहसन्ताननिरूपितात्मशरीरैकत्वसंस्कारतयात्यन्तमप्रतिबुद्धोऽपि प्रसभोज्जृम्भिततत्त्वज्ञानज्योतिर्नेत्रविकारीव प्रकटोद्घाटितपटलष्टसितिप्रतिबुद्धः( ? ) साक्षात् द्रष्टारं स्वं स्वयमेव हि विज्ञाय श्रद्धाय च तं चैवानुचरितुकामः स्वात्मारामस्यास्यान्यद्रव्याणां प्रत्याख्यानं किं स्यादिति पृच्छन्नित्थं वाच्यः-

---

**હવે વળી, આ અર્થને જાણવાથી ભેદજ્ઞાનની સિદ્ધિ થાય છે એવા અર્થવાળું કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ परिचित-तत्त्वैः ] જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓએ [ आत्म-काय-एकतायां ] જ્યારે આત્મા અને શરીરના એકપણાને [ इति नय-विभजन-युक्त्या ] આમ નયના વિભાગની યુક્તિ વડે [ अत्यन्तम् उच्छादितायाम् ] જડમૂળથી ઉખેડી નાખ્યું છે-અત્યંત નિષેધ્યું છે, ત્યારે [ कस्य ] કયા પુરુષને [ बोधः ] જ્ઞાન [ अद्य एव ] તત્કાળ [ बोधं ] યથાર્થપણાને [ न अवतरति ] ન પામે ? અવશ્ય પામે**

જ. કેવું થઈને ? [ स्व-रस-रभस-कृष्टः प्रस्फुटन् एकः एव ] પોતાના નિજરસના વેગથી ખેંચાઈ પ્રગટ થતું એકસ્વરૂપ થઈને.

ભાવાર્થ:- નિશ્ચય-વ્યવહારનયના વિભાગ વડે આત્માનો અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે; તેને જાણીને, એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય ? થાય જ; કારણ કે જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી પોતે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે અવશ્ય તે જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન જ જણાવે છે. અહીં કોઈ દીર્ઘસંસારી જ હોય તો તેની કાંઈ વાત નથી. ૨૮.

આ પ્રમાણે, અપ્રતિબુદ્ધે જે એમ કહ્યું હતું કે "અમારો તો એ નિશ્ચય છે કે દેહ છે તે જ આત્મા છે", તેનું નિરાકરણ કર્યું.

આ રીતે આ અજ્ઞાની જીવ અનાદિ મોહના સંતાનથી નિરૂપણ કરવામાં આવેલું જે આત્મા ને શરીરનું એકપણું તેના સંસ્કારપણાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે હવે તત્ત્વજ્ઞાનસ્વરૂપ જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી અને નેત્રના વિકારીની માફક ( જેમ કોઇ પુરુષનાં નેત્રમાં વિકાર હતો ત્યારે વર્ણાદિક અન્યથા દેખાતાં હતાં અને જ્યારે વિકાર મટયો ત્યારે જેવાં હતાં તેવાં જ દેખવા લાગ્યો તેમ ) પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઊઘડી જવાથી પ્રતિબુદ્ધ થયો અને સાક્ષાત્ દ્રષ્ટા ( દેખનાર ) એવા પોતાને પોતાથી જ જાણી, શ્રદ્ધાન કરી, તેનું જ આચરણ કરવાનો ઇચ્છક થયો થકો પૂછે છે કે 'આ સ્વાત્મારામને અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન ( ત્યાગવું ) તે શું છે ?' તેને આચાર્ય આ પ્રમાણે કહે છે:-

## પ્રવચન નં. ૯૬ શ્લોક - ૨૮ તા. ૩૦-૯-૭૮ ભાદરવા વદ ૧૩ શનિવાર

इति परिचिततत्त्वैरात्मकायैकतायां नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ।।२८।।

અઠયાવીસ ! સંતોની વાણી કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય અહીં કહેતે હૈ. આહાહા ! "પરિચિત તત્ત્વૈ" જેમણે વસ્તુકા યથાર્થ સ્વરૂપકા પરિચય કિયા હૈ, ઐસા મુનિયો અથવા સર્વજ્ઞો, 'પરિચિત' જેણે તત્ત્વકા પરિચય બહોત કિયા હૈ સર્વજ્ઞપણા પ્રગટ હુઆ હૈ અથવા મુનિઓ ભાવલિંગી સંત જેને તત્ત્વ આનંદનો નાથ ભગવાનકા પરિચય કિયા બહોત. આહાહા ! સમજમેં આયા ? "પરિચિત તત્ત્વૈઃ" જિન્હોને વસ્તુકે તત્ત્વ એટલે વસ્તુ પરિચિત એટલે સબકો પરિચય કિયા. આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ ઉસકા જિસને પરિચિત સમસ્ત પ્રકારે પરિચય કિયા તો સર્વજ્ઞ હુઆ. પણ ઉસકી નીચલી દશામેં ભી પરિચય કિયા, આહાહા... તો મુનિ હુઆ, આવી વાતું છે. ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ ઉસકા એકદમ પૂર્ણ પરિચય કિયા તો સર્વજ્ઞ હુઆ અને ઉસકા સર્વજ્ઞ સિવાય અપની યોગ્યતાસે જે અપના પૂર્ણ પરિચય કિયા તો મુનિદશા હુઈ. આહાહાહા ! કર્મકા ઈતના પરિચય છૂટ ગયા. સમજમેં આયા ? આવો મારગ આકરો, આ બાપુ.

અરે ! અનંતકાળથી દુઃખમાં દાઝી ગયો છે દુઃખથી દઝાઈ ગયો છે કષાયની અગ્નિથી એ શાંતિ એની બળી ગઈ છે પર્યાયમાં હોં, વસ્તુ તો છે ઈ છે. આહાહા ! એ કષાય અગ્નિથી જલ્યા હુઆ આગળ કહેશે આમાં "નયવિભજન યુકત્યા આત્મ એકત્યો" આહાહા... ઓલામાં એમ લખ્યું છે ભાઈ કળશટીકામાં કે ભગવાન આત્મા અને રાગ અને પુણ્ય ને શરીરાદિકા એકત્વસે મરણકો પ્રાપ્ત હો રહા હૈ. આહાહાહાહા ! કળશટીકામેં ઉસકા અર્થ ઐસા લિયા હૈ કળશ ટીકા હૈ ને રાજમલજીકી કેટલામેં હૈ ? અઠયાવીસમો કળશ.

દેખો "ઉચ્છાદિતાયામ" છે ને આવ્યું ને, જુઓ "નયવિભજનયુકત્યા" જડમૂળસે ઉખાડ ફેંકા, હૈ, છે. હૈ ને ? જળમૂળસે ઉખાડ ફેંકા હૈ, ઉસકા અર્થ યહાં કિયા, જેમ ઢંકા હુઆ નિધિ પ્રગટ કરનેમેં આતા હૈ એમ જીવ દ્રવ્ય પ્રગટ હૈ, અંદર ભગવાન પ્રગટ ચૈતન્ય ઝળહળ જ્યોતિ, પરંતુ કર્મ સંયોગસે ઢંકાયેલું હોનેસે રાગ અને પુણ્ય અને પાપના ભાવમાં ઢંકાઈ ગયા. આહાહા ! મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું. જાણે હૈ હી નહીં. આહાહાહા ! જાણે કે શરીર ને પુણ્ય અને પાપ ને ભાવ યે હી હૈ. આહાહા ! ઐસા અસ્તિત્વમેં ભગવાનકા પૂરણ અસ્તિત્વ મરણતુલ્ય હો ગયા. બાલચંદજી ! આહાહા ! શ્રીમદ્‌માંય આવે છે ને ૧૬ વર્ષે "ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો" શ્રીમદ્ રાજચંદ્ર સોળ વરસની ઉંમરે, સમકિત તો પીછે પાયા, એ પહેલા દેહના સોળવરસ, દેહનાને ? આત્મા તો અનાદિઅનંત હૈ એ એમ કહતે હૈ. "બહુ પુણ્ય કેરા પૂંજથી શુભદેહ માનવનો મળ્યો. તો એ અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો". આહાહા ! ચોર્યાસીના અવતાર કર્યા પ્રભુ પણ તે ભવ મનુષ્યનો પામ્યો અને ફેરો ના ટાળ્યો.

"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે" પુણ્યમાં સુખ છે, બાયડીમાં સુખ છે, આબરૂમાં સુખ છે, ધૂળમાં સુખ છે, બહારમાં સુખ છે, સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે. ભગવાન આનંદનો નાશ થાય છે ત્યાં "ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો" પછી તો વિશેષ કહ્યા હૈં. "લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો, શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો, વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહીં અહો હો એક પળ પણ તમને અહો !" આહા... સોળ વરસે, માલચંદજી ! આ લખેલું, બહોત ક્ષયોપશમ લેકર પૂર્વ ભવમેંસે આયે થે, આહા... એ કહેતે હૈ કે ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ, પ્રભુ એ પુણ્ય અને પાપ અને તેના ફળ ને અપના માનકર ક્ષણે ક્ષણે તેરા ભયંકર ભાવમરણ હો રહા હૈ, દ્રવ્યમરણ તો જબ શરીર છૂટેગા તબ હોગા. આહાહા... જીવતી જ્યોત પ્રભુ અંદર ચૈતન્ય સ્વરૂપ ભગવાન, ઉસકા અસ્તિત્વકી ( માન્યતા નહીં ) સ્વભાવકા સ્વીકાર નહીં, અને આ રાગાદિ પુણ્યાદિકા ફળ આયા, આ પૈસા ધૂળ સ્ત્રી કુટુંબ પરિવાર, ઉસકા તેરે મહાતમ, આહાહાહા... તેરા સ્વરૂપકા ભાવમરણ હુઆ હૈ. ક્ષણ ક્ષણમેં મૃત્યુ હોતા હૈ પ્રભુ. આહાહાહા ! ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો. એ રાગ અને રાગના પુણ્યબંધન ને એના ફળ સંયોગ એના પ્રેમમાં પ્રભુ તું ક્યાં રાચી રહ્યો ભાઈ. આહાહાહા ! તેરી જીવતી જ્યોત ચૈતન્યકા તેં અનાદર કરકે ઔર મરણ તુલ્ય કર દિયા. સુમેરુમલજી ! આહાહાહા ! આવી વાત છે. આહાહાહા !

યહાં એ કહતે હૈ, "અત્યન્તમ ઉચ્છાદિતાયામ" જડ મૂળસે ઉખાડ ફેંકા ઉસકા અર્થમેં લિયા હૈ, યહાં સમજે અત્યંત નિષેધ કિયા થા. કિયા હૈ. ક્યા ? રાગ ને શરીર ને પુણ્યના ફળ

મેરા હૈ એસી તેરી માન્યતામેં તેરા મરણ હુઆ થા. પ્રભુ ! તેરી જીવતી જ્યોતકા તેં તિરસ્કાર કિયા થા. આ મેં હું પુણ્યવંત હું, પાપી હું ને શરીરવાળા હું, સ્ત્રીકુટુંબવાળા હું, બડા આબરૂવાળા હું, લક્ષ્મી અધિકાર બઢયા પચાસ પચાસ હજારના પગાર મહીને માસિક કિતના વધ્યા, કયા વધ્યા પ્રભુ વેપારમેં એકદમ પાંચ પાંચ લાખકી પેદાશ માસિક બઢ ગયા બડા કયા બઢ ગયા પ્રભુ એ તો સંસાર વધ્યા તેરા. યહાં કહેતે હૈ, “અત્યંત ઉચ્છાદિતાયામ” ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાનલક્ષ્મીકા ભંડાર, આનંદ લક્ષ્મીકા ભંડાર, ઉસકો રાગ અને શરીર આદિસે ભિન્ન નિશ્ચયનયસે કર દિયા. “ઉચ્છાદિતાયામ” જડ મૂળસે ઉખાડ દિયા તેરી સાથ રાગને બિલકુલ સંબંધ હૈ નહીં.. એ મરણતુલ્ય જો હુઆ થા. આહાહાહા...

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ મહાપ્રભુ અપના ચૈતન્ય સ્વભાવસે જીવતર જ્યોતિસે જીવતે થે અંદર, જીવતર શક્તિ આતી હૈ ને પહેલી ? જ્ઞાન-દર્શન આનંદ આદિ સત્તાસે જીવતર એ જીવન હૈ ઉસકા જીવન. એ જીવનકો ન સ્વીકાર કર, બહારકા પુણ્ય અને પાપકા ભાવ અને તેના ફળ બંધ ને તેના ફળ સંયોગ. તેના મહાતમમાં પ્રભુ તેરી ચીજ તો મરણ તુલ્ય હો ગઈ. આહાહા... એ “ઉચ્છાદિતાયામ” છેદ કર દિયા ઉસકો એ ચીજ તેરી નહીં. તું જીસકો અપના જીવન માનતે હૈ પુણ્યસે ને પાપસે ને શરીરસે ને એ તેરા જીવન નહીં નાથ ! પ્રભુ તુમ ભિન્ન હૈ ને નાથ ! આહાહા... એ રાગાદિકા ભાવકો તો જડમૂળસે ઉખાડ દિયા, મૂળમેંસે ઉખાડ દિયા. ફિર ઉત્પન્ન ન હો ઐસા ઉખાડ દિયા ઐસા કહેતે હૈ. આહાહાહા... સમજમેં આયા ?

યહાં તો કહતે હૈ કે, ઉસકા અત્યંત નિષેધ કિયા, આહાહા... તબ,તબ અપને “સ્વરસરભસ કૃષ્ટઃ પ્રસ્કુટનૈક એવ” નિજરસકે વેગસે આહાહા... રાગના રસના વેગમેં જે તુમ ચલે જાતે થે તબ તેરી ચીજ મૃત્યુકો પ્રાપ્ત હોતી થી, તો તુમકો બતા દિયા પ્રભુ, એ તેરી ચીજ નહીં, તેરેમેં નહીં, તું ઉસસે ભિન્ન. તો ઐસા અંતરરસ નિજરસકે વેગસે અપના આનંદરસકા વેગસે આકર્ષિત હોકર પ્રગટ હોનેવાલા એક સ્વરૂપ હોકર, ભગવાન આત્મા ! અનેકપણાકો અપના માનતે થે ઉસકો છોડકર, અપના ભેદ બતા દિયા કે તુમ યે નહીં તો એક રસસે પ્રગટ હોનેવાલા આત્મા, આહાહાહા... અહીં તો ઠપકો દેતે હૈ, આચાર્ય જરી – કિસ પુરુષકો યહ જ્ઞાન તત્કાળ યથાર્થપણાકો પ્રાપ્ત ન હોવે, અરે કયા આત્માકો ઐસી પ્રાપ્ત ન હો ? આહાહા !

ભગવાન તેરેકો બતા દિયા તેરી ચીજ, રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, શરીર, કર્મ આદિ ઉસસે ભિન્ન પ્રભુ ! તેરા જીવતર જીવન હૈ ને અંદર ત્રિકાળી, એ ભિન્ન બતા દિયા પ્રભુ તેરેકો, હવે તેરેકો કયું આત્મજ્ઞાન ન હો. આહાહા ! રતિભાઈ ! આવો મારગ છે સંતોની વાણી તો જુઓ. એક તો એ કે પરસે એકત્વ તો જડમૂળસે ઉખાડ દિયા, જડમેંસે નિકાલ દિયા. આહાહા ! હવે કભી એકત્વ હોતા નહીં. આહાહા... જુઓ જોર તો જુઓ. કે ભાઈ સમકિત પાયા ને પીછે પડ જાયેગા યે ચીજ હૈ હી નહીં યહાં, આહાહા... રાગ ને એનું ફળ બંધન અને એનું ફળ સંયોગ સારી રાગ સામગ્રી, રાગગ્રામ કહાને ભાઈ, એક ઠેકાણે કહે છે, રાગગ્રામ, એ રાગગ્રામ એટલે રાગ અને રાગનો સમૂહ અને એનું ફળ ને બધો રાગગ્રામ, એકકોર આત્મગામ અને એકકોર રાગગ્રામ. આહાહાહા !

ઉસકો જડ મૂલસે નિકાલ દિયા ને નાથ તેરેકો બતા દિયા ને, તેરી ચીજ ભિન્ન હૈ ને અંદર.

આહાહા... કોઈ સંબંધ( નહીં ) રાગ અને પરકી સાથ પ્રભુ તેરા દ્રવ્ય સ્વભાવ, જીવતી જ્યોત બિરાજતે હૈં, ટકતા તત્ત્વ ધ્રુવતત્ત્વ. આહાહા... તેરેકો ભિન્ન બતાયા ને નાથ, તેરેકો કયું જ્ઞાન ન હો ? આહાહાહા... એક તો કયું જ્ઞાન ન હો અને જડમૂલસે નિકાલ દિયા તો એ જ્ઞાન હો, એ પીછે એકત્વબુદ્ધિમેં નહીં આયેગા, ઐસા જ્ઞાન પ્રભુ કહેતે હૈ યહાં. સમજમેં આયા ? આહાહાહા... સંતોએ તો અમૃત ઝરણા વહેવરાવ્યા છે. આહાહા !

આને નવરાશ ન મળે, ફૂરસદ ન મળે, બાઈડી છોકરા ને કુટુંબમાં ધંધામાં મરી ગયો આખો દિ' આહાહા... ન હોય તો કોકના લઈને વળી પાછો ઉપાધિ વહોરે, પાછો, ખોળે લ્યે, આહાહા ! શું કરવું છે પ્રભુ તારે ? આહાહા ! ( શ્રોતાઃ– ખોળે લ્યે ) આંહી કહે છે સૂન તો સહી પ્રભુ તેરી ચીજ તો સબસે ભિન્ન હૈ ને ? ભિન્નકો તેરે એકત્વ કરના હૈ ? આહાહા ! પ્રભુ કયાં જાના હૈ તેરે ? આચાર્ય મહારાજ તો બહોત ઠપકા દેતે હૈ. ઠપકા કો કયા કહતે હૈ ઓળંભા ઓળંભા કહતે હૈ ને ? ઓળંભા, પ્રભુ તેરી મહાસત્તા ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, રાગાદિસે મૂળસે છેદ કરકે વિચ્છેદ કરકે તેરેકો બતાયા ને પ્રભુ. આહાહા ! તો, કયા આત્માકો આત્મજ્ઞાન નહીં હોગા ? હોગા હી. એમ કહેતે હૈ. સમજમેં આયા ? આ તો હજી પહેલા નંબરની સ્તુતિનો પ્રશ્ન ચલતે હૈં. સમજમેં આયા ? પીછે ધર્મીકો જ્ઞાનીકો અનુભવીકો રાગ તો રહેતે હૈ પણ એ રાગકો સ્વભાવ સન્મુખ હોકર કોણ નાશ નહીં કરેગા ? આહાહાહા... "એક એવ તસ્ય બોધમ અદ્ય એવ" છે ? આજ જ. આહાહા... પ્રભુ તું અતીન્દ્રિય આનંદના માખણનું દળ પડા હૈ ને ઐસા, આહાહા... ઔર રાગાદિ આકુળતા એ સબ ચીજ તો ભિન્ન હૈ. ભિન્ન હૈ તો ભિન્ન કરકે એકત્વ સ્વભાવકો કોન નહીં પ્રગટ કરેગા ? આહાહા... સમજમેં આયા ? તત્કાળ યથાર્થપણેકો પ્રાપ્ત નહીં હોગા ? અવશ્ય હોગા. આહાહાહા... કેટલી વાત કરતે હૈ. આહાહાહા !

એક તો ઐસા કહતે હૈ, કે વો વિકલ્પસે હૈ આદિ ( સે લેકર ) માંડીને ( સબ ) ચીજ, એ તેરી ચીજમેં નહીં, ઔર તું ઉસમેં નહીં, ઐસે તેરેકો પરકા ભાવકો મૂળમેંસે ઉચ્છેદ કર દિયા, ઉખેડ કર નિકાલ ડાલા. આહાહા ! ગદ્ધા હોતા હૈ ન ગદ્ધા ઘાસ ખાય તો મૂળમેંસે ઉખેડ કર ખાય, ગાય હૈ ઘાસ ખાય તો ઉપર ઉપરસે ખાય, મૂળ ન કાઢે, એથી ગોચરી કહાને મુનિને, ઘાસ હૈ ઉપરસે ખાતે હૈ મૂળ સાજા રખે. ફેર પાછા ઉગી શકે.

એમ અહીંયા ગદ્ધા શબ્દે પંડિત જ્ઞાની ધર્માત્મા વો ગદ્ધા, યહાં ધર્માત્મા મૂળમેંસે રાગકા ઉચ્છેદ કરકે અપના અનુભવ કોણ નહીં કરે ? આવી વાત છે પ્રભુ. આહાહા ! પીછે રાગ રહેગા. આ તો ભિન્ન બતાયા ઈતના પણ રાગ અસ્થિરતાકા રહેગા, અસ્થિરતાકા રાગ ત્યાં આયેગા. જ્ઞાનીકો અનુભવીકો ભી દુઃખ હોગા, વો ભી ઉસકો ભિન્ન કરકે, અંદરમેં એકાગ્ર હોકર કોણ ઉસકા નાશ નહીં કરેગા ? આહાહાહા... પણ એ ભવિષ્યમાં નાશ કરેગા ને કેવળજ્ઞાન પાયેગા ઐસે કહેતે હૈ. આહાહાહા ! રાત્રિકો કહા થા ને નહીં ? સમકિતી, જ્ઞાની, ધર્મી, અનુભવી જીવકો ભી, મુનિકો ભી પ્રતિક્રમણ પરિહાર ઐસા શુભભાવ આતા હૈ, સવાર સાંજ પ્રતિક્રમણ વ્યવહારસે, ભગવાનકી પ્રતિમાકા દર્શન રાગસે હટનેકા ભાવ એ સબ શુભ, એ જ્ઞાનીકો સમકિતીકો ભી આતા હૈ, મોક્ષ અધિકારમેં, પ્રતિક્રમણ પરિહાર, પરિશરણ, નિંદા, ગર્હા એ શુભભાવ, હૈ તો ઝેર. આહાહા ! સમજમેં આયા ? સમકિતી જ્ઞાની, અનુભવીયોંકો ભી એ ભાવ આતા હૈ, જબલગ

વીતરાગ ન હો તબ યે ભાવ સાંજ સવાર પ્રતિક્રમણકા વિકલ્પ, હૈ તો શુભ, હૈ તો ઝેર, હૈ તો દુઃખ, અશુભભાવમેં તીવ્ર દુઃખ હૈ, શુભભાવમેં મંદ પણ દુઃખ હૈ, તો ઉસકો રાત્રિકો કહા થા કે ઉસમેં લિખા હૈ, કે કયું ઉસકો ઝેર કહા દુઃખ ? કે ત્યાં તો કર્તૃત્વબુદ્ધિ હૈ અર્થાંત કરનેલાયક બુદ્ધિ ઐસી ત્યાં ન લેના, પણ ત્યાં રાગકા પરિણમન હૈ, હજી મુનિકો જ્ઞાનીકો સમકિતીકો ભી રાગકા પરિણમન હૈ, એકત્વબુદ્ધિ ગઈ અનુભવ હુઆ, સમકિત થયા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન હુઆ, પણ સમ્યક્ ચારિત્રમેં કમી હૈ કે મુનિઓકો ભી સાંજ સવાર શાસ્ત્રકા ઐસા વ્યવહાર પ્રતિક્રમણ કા ભાવ આતા હૈ, હૈ પણ હૈ એ ઝેરકા પ્યાલા વિષકુંભ હૈ રાગ હૈ, આકુળતા હૈ, દુઃખ હૈ. આહાહા ! અરેરેરે ! તો ઉસકો છોડકર સ્વરૂપમેં આનંદમેં કોણ નહીં રહેગા કહેતે હૈ ? મુનિકો ભી કહતે હૈ. આનંદનો નાથ ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદકા સુખ ધામ, "સ્વયંજયોતિ સુખધામ" આનંદકા ક્ષેત્ર હૈ તો ઉસમેં તો અતીન્દ્રિય આનંદ પાકતે હૈ ઐસી ચીજ હૈ.

આહાહા... આચાર્યે એમ કહ્યું "સ્વરસરભસ ઉગ્ર કૃષ્ટ" આકૃષ્ટ હોકર પ્રગટ હોનેવાલા એક સ્વરૂપ હોકર, આહાહા ! કિસ આત્માકો જ્ઞાન તત્કાળ આત્મજ્ઞાન તત્કાળ એ યથાર્થપણાકો પ્રાપ્ત ન હોગા ? જરૂર હોગા. આહાહા ! "યદ્યે એવ બોધમ" હૈ શબ્દ ? "યદ્યે એવ બોધમ" આજ જ, તત્કાળ જ, આહાહા ! જુઓ, આ શ્લોક તો જુઓ શ્લોક, આહાહા... જડ મૂળસે ઉખેડકર ચૈતન્યકી ભિન્નતાકા અનુભવ કિસકો નહીં હોગા ? ઔર પીછે ભી રાગકા ભાવ્ય ભાવ જ્ઞાનીકો હોતા હૈ, ઉસકો ભી છોડકર સ્વભાવકા અનુભવ કરકે ઉસકો નાશ કોણ નહીં કરેગા ? આહાહા ! સમજમેં આયા ? મુનિ અપની ભી બાત કરતે હૈ, આહાહા... કે હમારે પણ હજી જરી રાગ હૈ વિકલ્પ આતા હૈ, પણ વો ભિન્ન હમકો અનુભવ હુઆ ઔર હવે ઉસકો ભિન્ન કરકે નાશ કયું નહીં કરેગા ? આહાહાહા... ભવિષ્યકાળમાં મેં ઉસકો નાશ કરુંગા, મગર યહાં તો તત્કાળ નાશ કરુંગા ઐસા લિયા હૈ. સમજમેં આયા ? દિગંબરની તીવ્ર વાણીને લઈને, શ્રીમદ્માં આવે છે "દિગંબરની તીવ્ર વાણીને લઈને રહસ્ય સમજી શકાય છે શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડો પડી જાય છે". શ્વેતાંબરની લાઈન વિપરીત શ્રીમદ્માં આવે છે. શ્રીમદ્ રાજચંદ્ર આવી વાણી છે સંતોની. આહાહા !

"પરિચિત તત્ત્વૈ" જે મુનિઓએ અપના આનંદ સ્વરૂપ ભગવાન તત્ત્વકા પરિચય કિયા હૈ, આહાહા ! રાગકા પરિચય છોડ દિયા હૈ, થોડા પરિચય અસ્થિરતાકા હૈ ઉસકો ન ગિનકર, અપના પરિચય બહોત કિયા હૈ, એ સંતો જગતકો જાહેર કરતે હૈ, કે હમ જ્યારે રાગ અને વિકલ્પસે, ભગવાન નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ ભિન્ન હૈ, ઔર મૂળસે ઉખેડ કરકે ઉચ્છેદ કર દિયા રાગકા, તેરી ચીજમેં હૈ હી નહીં, તેરી ચીજ ઉસસે ભિન્ન હૈ તો ઐસા સૂનકર, કૌન પ્રાણી ઐસા હોગા ? કે અપના આત્મજ્ઞાન ન હોગા ? આહાહાહા ! સમજમેં આયા ? ઝાંઝરીજી ! જુઓ આ દિગંબર વાણી, આહાહાહા... ક્યાંય હૈ નહીં શ્વેતાંબરમેં પણ એ ચીજ હૈ નહીં, તો અન્યમતિમેં તો કયા કહેના ? આહાહાહા ! ત્રણ બાત લિયા. એક તો અમે જ્યારે તેરી ચીજકો કાયાને અંગ અંગયોઃ આત્મા, આત્માને અંગ અંગ નામ રાગ આદિ સબ ચીજ ઉસસે જબ ભેદ કરકે વસ્તુ સ્થિતિ ઐસી હૈ ઐસા બતાયા અને તે પણ રાગાદિકો મૂળમેંસે ઉચ્છેદકર નાશ કર બતાયા, એક

વાત તો ઉસકો અંતરમેં રાગસે ભિન્ન આત્મજ્ઞાનકા આત્મબોધ કયોં ન હોગા ? હોગા હી. આહાહાહા ! અર્થકારે લિખા હૈ.

નીચે હૈ ને કોઈ દીર્ધ સંસારી હોય ઓ બાત યહાં ન લેના. ભાવાર્થમેં લિખા હૈ. આહાહાહા ! તત્કાળ હી યથાર્થપણેકો બોધમ એટલે આત્મજ્ઞાન, આત્માકા અનુભવ, આહાહાહા... દોકા ભિન્નપણા બતાયા ને ભિન્ન હૈ, તો તેરી એકત્વબુદ્ધિ પરસે કયોં નહીં છૂટેગી, અને સ્વરૂપની એકત્વબુદ્ધિ કયું નહીં હોગી ? તત્કાળ હોગી. આહાહાહા ! આવી વાતું. ઝીણી બહુ બાપુ. સમયસાર ભરતક્ષેત્રમેં અદ્વૈતચક્ષુ, અજોડચક્ષુ, ઐસા શાસ્ત્ર. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માના મુખેથી નીકળેલી તે વાણી આ હૈ. આહાહા ! તેરા માલકી મોજૂદગી વિકાર ને વિકારના ફળકી મોજૂદગીસે ભિન્ન તેરેકો બતાયા ને પ્રભુ. આહાહાહા ! તો એ તત્કાળ હી, આજ જ. આહાહાહા !

ભાવાર્થઃ– "નિશ્ચયવ્યવહારનયકા વિભાગસે આત્મા અને પરકા અત્યંત ભેદ બતાયા હૈ. ઉસે જાનકર ઐસા કોણ પુરુષ હૈ જિસે ભેદજ્ઞાન ન હો ?" આહાહા ! હોતા હી હૈ, પંચમકાળ હૈ, ઐસા હૈ ને ફૈસા હૈ એ કોઇ નડતે નહીં તેરેકો એમ કહેતે હૈ. આહાહા ! કયોંકિ જ્ઞાનજબ અપને સ્વરસસે સ્વયં અપને સ્વરૂપકો જાનતા હૈ દેખો– એ આયા. "સ્વરસરભસ કૃષ્ટઃ" આત્મા. અપના સ્વરસસે જ્ઞાન એટલે આત્મા અપના, અપને સ્વરસસે અપના આનંદકે રસસે સ્વયં અપને સ્વરૂપકો જાનતા હૈ, રાગકે રસસે નહીં, અપના આનંદકા રસસે અપનેકો જાનતે હૈ.

સચ્ચિદાનંદ પ્રભુ અપના, આહાહા... રાગસે ભિન્ન આનંદ રસસે અપના જાનનેમેં કયું આતે નહીં ? આહાહા ! અપને સ્વરૂપકો જાનતા હૈ. આહાહા ! જ્ઞાન આત્મા અપને સ્વરસસે, સ્વરસસે સ્વયં, પરકી અપેક્ષા બિના, આહાહાહા... રાગકી મંદતા થી તો યહાં સ્વરૂપકા અનુભવ હુઆ એ અપેક્ષા હૈ નહીં. આહાહાહા... જબ જ્ઞાન અપને સ્વરસસે રાગકા રસસે પ્રભુ તેરી ચીજ ભિન્ન હૈ ને અંદર, ઐસા કહા તો અપને આનંદરસસે અપનેકો કયું નહીં જાનતે ? આહાહાહા... ઐસા કહકર અપના અનુભવમેં આનંદ આતા હૈ, આનંદસે આત્માકા જ્ઞાન હુઆ. આહાહાહા... સ્વયં અપને સ્વરૂપકો જાનતા હૈ અવશ્ય જ્ઞાન અપને આત્માકો પરસે ભિન્ન હી બતલાયા હૈ. આહાહાહા... કોઈ દીર્ધ સંસારીકે, એ કાંઈ નહીં આંહી એ વાત નહીં આંહી એ નહીં. આહાહા !

જુઓ તો આ કળશ તો, જુઓ જેમ મંદિર ઉપર કળશ સોનાનો ચડાવે જેમ એમ આ ટીકા ઉપર કળશ ચડાવ્યો. પ્રભુ તેરી ચીજ તો હૈ ને નાથ જીવતી જ્યોત અપના જ્ઞાન ને આનંદ સ્વરૂપે જીવતી જ્યોત ચૈતન્ય હૈ એ રાગસે જીતે હૈ ને પરસે જીતે હૈ ઐસા નહીં હૈ. અપના સ્વરૂપ જીવન અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા ઉસસે તેરા જીવન હૈ ને ! આહાહાહા... ઐસા જીવનકો કોણ નહીં પકડે, એમ કહતે હૈ, અરે આમાં વાદ ને વિવાદ ને ઝઘડાને અવકાશ ક્યાં છે ? સમજમેં આયા ?

ઈસપ્રકાર અપ્રતિબુદ્ધે, અજ્ઞાનીએ યહ કહા થા કે હમારા તો યહ નિશ્ચય હૈ કિ શરીર યે હી રાગાદિ શરીર યે હી આત્મા હૈ હમને તો યહ રાગાદિ શરીર આત્મા( હૈ ) ઉસકા નિરાકરણ કર દિયા, ( ક્યા કહા ) ઉસકા નિરાકરણ કર દિયા. આહાહા ! ઈસ પ્રકાર યહ અજ્ઞાની જીવ અનાદિ કાલિન મોહકે સંતાનસે મોહકી સંતાન પુન્ય પાપ રાગ દ્વેષ આદિ ( સહિત ) નિરુપિત

આત્મા, ઔર શરીરકે એકત્વકે સંસ્કારસે અત્યંત અપ્રતિબદ્ધ થા, દેખો કોઈ કહેતે હૈ આ સમયસાર તો મુનિકે લિયે હૈ, યહાં તો અત્યંત અપ્રતિબુદ્ધ થા. આહાહા ! અરે, એકત્વકે સંસ્કારસે રાગ ને શરીર, ક્યુંકિ દેખનેવાલાએ દેખનેવાલેકો દેખા નહીં, જાનનેવાલેકો જાનનેવાલા જાના નહીં, આને ( પરને ) જાણે છે તો એ સંસ્કાર રહી ગયા ઉસકો. રાગકો જાના, શરીરકો જાના, યહ મૈં હું. સમજમેં આયા ? પણ જાનનેવાલા( ને ) જાનનેવાલેકો જાના નહીં, જાણનારને જાણ્યા નહીં, દેખનારને દેખ્યા નહીં. આહાહા !

વહ તત્ત્વજ્ઞાન સ્વરૂપ જ્યોતિકા પ્રગટ ઉદય હોનેસે, વહ જબ તત્ત્વજ્ઞાન સ્વરૂપ જ્યોતિ, ભગવાન આનંદની ચૈતન્ય જ્યોતિ, પ્રગટ ઉદય હોનેસે નેત્રકે વિકારકી ભાંતિ, જૈસે કિસી પુરુષકી આંખોમેં વિકાર થા તબ ઉસે વર્ણાદિક અન્યથા દિખતે થે, વિકાર થા આંખમેં તબ વર્ણાદિક અનેક પ્રકાર દિખતે હૈ, કમળો હોતા હૈ ન કમળો, પીલિયા વો સબ ચીજ પીલી દિખતી હૈ, ઔર જબ નેત્ર ( કા ) વિકાર દૂર હો ગયા, તબ યે જ્યોં કે ત્યોં યથાર્થ દિખાઈ દેને લગે. આહાહાહા... ઈસી પ્રકાર પટલ સમાન આવરણ કર્મકે ભલિભાંતિ ઉખડ જાનેસે રાગાદિકી એકતાબુદ્ધિકા નાશ કરકે, આહાહાહા... પ્રતિબુદ્ધ હો ગયા ! મિથ્યાશ્રદ્ધામેં, મિથ્યાજ્ઞાનમેં પર વસ્તુ અપની હૈ ઐસે દિખતે થે, જેમ કમળાવાળાકો પીળા દિખતે હૈ સબ, પટલ સમાન આવરણ, આહાહા... હૈ ! વિકારકી ભાંતિ, પટલ સમાન આવરણ કે કર્મોકે ભલીભાંતિ ઉખડ જાનેસે, પ્રતિબુદ્ધ હો ગયા ઔર સાક્ષાત્ દૃષ્ટા અપનેસે હી અપનેકો જાનકર, અપનેસે અપનેકો જાનકર આ આનંદ ને જ્ઞાન ને દર્શન પર્યાયસે અપનેકો જાનકર, આહાહા... તથા શ્રદ્ધાન કરકે અનુભવ હુઆ, સમ્યગ્દર્શન હુઆ, અનુભવ, ઉસીકા આચરણ કરનેકા ઈચ્છુક, આહાહા... હજી અસ્થિરતા બાકી હૈ. સમ્યગ્દૃષ્ટિકો અનુભવી કો ભી હજી રાગભાગ બાકી હૈ, દોષ હૈ, દુઃખ હૈ, અસ્થિરતા હૈ, આહાહા... આહાહા... શ્રદ્ધાન કરકે ઉસીકા આચરણ કરનેકા, હજી સમ્યગ્દર્શન હુએ પણ અંદર રાગ હૈ હજી, અવ્રતકા રાગ હૈ, શુભકા રાગ હૈ, અશુભરાગ હૈ, ધર્મીકો અનુભવીકો ભી ભોગકી વાસનાકા રાગ હૈ, આહાહાહા... એ છોડકર સ્વરૂપકા આચરણ કરનેકા ઈચ્છુક, સમજમેં આયા ? આહાહાહા... ઉસીકા આચરણ કરનેકા અર્થાત્ જૈસા જ્ઞાનસ્વરૂપ ભગવાન પરસે ભિન્ન દેખા ઉસકા આચરણ કરનેકા અભિલાષી, હજી ઉસકા ભાન હુઆ પણ હજી આચરણમેં રાગ પુન્ય પાપકા ભાવ આચરણમેં આતા હૈ. આહાહા ! અનુભવી સમકિતી જ્ઞાનીકો, ક્ષાયિક સમકિતીકો ભી. સમજમેં આયા ? આહાહાહા... જ્ઞાની જાણતે હૈ કે અભી મેરી પર્યાયમેં રાગ હૈ, દુઃખ હૈ, મેરે યહ દુઃખકા આચરણ છોડકર આનંદકા આચરણ કરના હૈ મેરેકો. આહાહા... શું સ્પષ્ટતા, એ સમ્યગ્દર્શન હુઆ, અનુભવ હુઆ, તો પણ ( પૂર્ણતા નહીં ) ઉસીકા આચરણ કરનેકા તો હજી આચરણ હુઆ નહીં અંદર, ચારિત્ર હુઆ નહીં, પ્રત્યાખ્યાન લેના હૈ. પ્રત્યાખ્યાન નામ રાગકા અભાવ હોકર જ્ઞાન સ્વરૂપ જ્ઞાનમેં રમેં ઐસી દશા હજી હુઈ નહીં, આહાહાહા... ઓહોહો ! સંતોએ તો અમૃત રેડયા છે. આહાહા ! કયા કહા ? રાગ શરીરાદિસે ભિન્ન ભગવાન આત્મા અનુભવમેં આયા કે જ્ઞાનાનંદ મૈં હું, ઐસા સમકિત દર્શન હુઆ, છતાં રાગકા હજી આચરણ પર્યાયમેં હૈ, એ દુઃખરૂપ આચરણ હૈ, એ અપના સ્વરૂપકા આચરણકા ઈચ્છુક પુરુષ પૂછતા હૈ. આહાહાહા...

સમકિતી જ્ઞાની, અનુભવી એ ભી અપના સ્વરૂપકા આચરણ એટલે સ્થિરતા કરના પ્રત્યાખ્યાન કરના ચારિત્ર નહીં હૈ. પર્યાયમેં રાગ હૈ, દુઃખ હૈ, અપ્રત્યાખ્યાન હૈ, અવ્રતભાવ હૈ, આહાહા... આહાહાહા... આપકો અપનેસે જાનકર જ્ઞાન ને શ્રદ્ધા દોહી હુઆ, સમ્યગ્જ્ઞાન ભી હુઆ સમ્યગ્દર્શન ભી હુઆ. હવે ઉસીકા આચરણ કરનેકા હજી ઉસમેં ચારિત્ર નહીં, અચારિત્રભાવ હૈ, અપ્રત્યાખ્યાનભાવ હૈ, પ્રત્યાખ્યાન નહીં. સ્વરૂપમેં ઠરના રાગકો તજકર છોડકર નિરાકરણ કરકે અપને સ્વરૂપમેં રમના એ નહીં. આહાહા... તો એ પૂછતા હૈ સમકિતી પૂછતા હૈ ધર્મી જીવસે અનુભવી હૈ યે પૂછતે હૈ. આહાહા... ઉગ્ર પુરુષાર્થ કરના હૈ ને ? ઈસ આત્મારામકો અન્ય દ્રવ્યોકા પ્રત્યાખ્યાન ત્યાગના એ કયા હૈ પ્રભુ ? એકતા તો તૂટ ગઈ હૈ, હમકો આત્માકા જ્ઞાન હુઆ પણ રાગકા ત્યાગ હમેં નહીં તો રાગકા ત્યાગ કિસ તરહસે હોતા હૈ ?

– વિશેષ કહેગા. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )